PRABHAT
EDUCATION FOUNDATION

July 2020

Issue No. 08

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

## અમારા વિશે


પ્રભાત એજયુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિતવર્ગના સ્પેશિયલ નીડ બાળકો સાથે કામ કરે છે. પ્રભાત બાળકો અને પુખ્ત વયે માનસિક અને શારીરિક પડકારોની સેવા કરે છે, તેમની સંપૂર્ણ સંભાવના પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે:-પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન, એડવોકેસી દ્વારા નેટવર્કિંગ. પ્રભાતે એક બાળક સાથે કામ શરૂ કર્યું હતું અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશેષ જરૂરિયાતો ધરાવતા 3000 થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.

## અનુભવો...

બે વર્ષ પહેલા એક માતા પોતાના 4 વર્ષના બાળકને લઈને પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનના વટવા સેન્ટરના થેરાપી ક્લાસમાં લઈને આવે છે. અને પોતાના બાળક ફરિયાદની ચિંતા વ્યકત કરતા જણાવે છે કે તેને શરીરની જમણી બાજુ અને હાથમાં મુશ્કેલી હોવાથી જેવી કે જમણા પગમાં પેરાલિસીસને કારણે બેસીને ઉભા થવું, ઉભા થઈને ઉભા રહેવું અને ચાલવું તેના માટે પૂરતું સમન્વય અને સંતુલન નથી. તે ઉપરાંત ફરિયાદને જમણા હાથમાં તેનું કાંડુ, આંગળીઓ અને કોણીમાં યોગ્ય હલન-ચલણ થઈ શકતું નથી. બાળક માટે સારવારરૂપે થેરાપી ક્લાસ શરુ કરવામાં આવ્યા. સંસ્થાના થેરાપિસ્ટ તરીકે મેં ફરિયાદ સાથે થોડી વાતચીત કરવાનું ચાલુ કર્યું ત્યારે મેં અનુભવ્યું કે ફરિયાદ એક ખુબ જ નિખાલસ બાળક છે અને હંમેશા તેના ચહેરા પર ખુશી હોય છે અને તે મનથી હિંમતવાન બાળક છે. મેં તેને પહેલા દિવસથી થોડી કસરત કરવાનું શરુ કર્યું અને ખ્યાલ આવ્યો કે ફરિયાદને કસરત કરવાથી પીડા અનુભવતો નથી તે કારણે તે કસરતમાં સહકાર આપે છે. થોડાક જ સમયમાં થેરાપીના કારણે તેનામાં પ્રગતિ જોવા મળી. બે વર્ષ સુધી યોગ્ય ફિઝિયોથેરાપી આપવાથી અને ઘરે માતા-પિતાના સહકારથી  યોગ્ય રીતે હલન-ચલન કરાવવાથી ખૂબ જ ઝડપી સુધારો જોવા મળ્યો. હવે તે પોતાના દરેક કાર્યો જાતે કરતો થયો છે. તેના માતા-પિતા અને થેરાપિસ્ટના સહકારથી તેનામાં ઘણો સુધારો હોવાથી તે છેલ્લા 1 વર્ષથી નોર્મલ બાળકો સાથે સંસ્કાર વિદ્યાલયમાં ભણતર માટે જાય છે. ફરિયાદને સંસ્કાર વિદ્યાલયમાં જુનિયર કે.જી. માં એડ્મીસન આપવામાં આવ્યું. ત્યાંના શિક્ષકો તેને જોઈને ખૂબ પ્રભાવિત થયા. શિક્ષકોએ તેને જાતે લખવાનું કહ્યું તો ફરિયાદ પોતાની જાતે લખી શક્યો અને તેણે પોતાની શારીરિક તકલીફ હોવા છતાં ભણવાની તૈયારી બતાવી. હાલના સમયમાં ફરિયાદને આમ સ્કૂલે જતો જોઈને તેના માતા-પિતા અને પ્રભાત એજ્યુકેશન ફોઉન્ડેશન સંસ્થાને ખુશીનો અનુભવ થાય છે.

By: Manish Mistry
Physiotherapist







## યુનિક ઇન્ટરવેન્શન

હાલના સમયમાં કોવિડ-19 કે જે વિશ્વભરમાં વધી રહ્યો છે ત્યારે બાળકો, યુવાનો અને પુખ્તવયના લોકોને શૈક્ષણિક પ્રવૃતિઓમાં ભાગ લેવાનું મુશ્કેલ બન્યું છે. આપણા ભારત દેશમાં જ કુલ 300 મિલિયનથી વધારે લોકો છે કે જે શિક્ષણ અને શૈક્ષણિક પ્રવૃતિઓ કરી રહ્યા છે. પરંતુ આ સમયમાં તેઓ શાળા, કોલેજ કે ઇન્સ્ટિટ્યૂટમાં જઈ શકતા નથી તેવા લોકો માટે સંસ્થાએ નવો માર્ગ અપનાવ્યો છે.
(https://www.pratham.org/2020/04/01/connecting-to-children-communities-in-a-time-of-crisis-pratham-initiative-for-fun-learning/) "કોરોના, થોડી મસ્તી, થોડી પઢાઈ એ આ પરિસ્થિતિના નિવારણ માટેનો પ્રથમ પ્રયાસ છે. તેમાં વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો સહારો લઈને લર્નિંગ મટીરીયલ, શૈક્ષણિક પ્રવૃતિઓ, રમતોનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. ઓડિયો-વીડિયોની મદદ દ્વારા લર્નિંગ મટીરીયલ કે જે સરળતાથી શીખવી શકાય તે બાબત પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. જેમ કે, મસ્તીના વિડીયો બાળકોને ક્રાફ્ટ, ડાન્સ, સંગીત થિયેટર જેવી કલાઓમાં જોડે છે જયારે પઢાઈના વિડીયો બાળકોને ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી, સામાન્ય જ્ઞાન જેવા વિષયો શીખવે છે. "કોરોના થોડી મસ્તી, થોડી પઢાઈ." આ પ્રોગ્રામ 'પ્રથમ સંસ્થા'એ શરુ કરેલ છે. લોકડાઉન સમયમાં પ્રભાતે 'પ્રથમ સંસ્થા' સાથે આ પ્રોગ્રામમાં સહયોગ કર્યો. પ્રભાતના નોર્મલ સ્કૂલ પ્રોગ્રામના 2000 થી વધુ બાળકો સુધી આ પ્રોગ્રામ પહોંચાડવામાં આવ્યો. પ્રભાત સ્પેશિયલ બાળકો સાથે કામ કરી રહ્યું હોવાથી વિશિષ્ટ લર્નિંગ મટીરીયલ બનાવવામાં આવ્યા. પ્રોગ્રામમાં ઘણા અલગ-અલગ મુદ્દાઓને સામેલ કરવામાં આવ્યા જેવા કે, સૂર્યગ્રહણ શું છે, વેસ્ટ વસ્તુમાંથી બેસ્ટ વસ્તુ કઈ રીતે બનાવી શકાય?, આર્કીમીડીઝ ફિઝિક્સના સિદ્ધાંતો વગેરે. પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન શાળાના અધિકારીઓ દ્વારા વિદ્યાર્થીઓને મટીરીયલ પહોંચાડી રહ્યું છે અને તેમાંથી કેટલાક મટીરીયલના વિડીયો તૈયાર કરવામાં આવ્યા છે તેની લિંક છે:-
https://prathamopenschool.org/catalog/ResourceView/7652
https://prathamopenschool.org/catalog/ResourceView/7618

## મુબારક હો!

"બાર બાર દિન યે આયે, તુમ જીઓ
હજારો સાલ, સાલ કે દિન હો હજાર
હેપ્પી બર્થ ડે ટૂ યુ,
હેપ્પી બર્થ ડે ટૂ યુ."
પ્રભાત ટીમની જન્મદિન નિમિત્તે ખૂબ-ખૂબ શુભેછા.



3rd July, પ્રણવભાઈ



27th July, મનીષભાઈ



27th July, નમ્રતાબેન



14th August, નિકુલભાઈ



25th August, હિનલ







મંથલી અપડેટ

**સર્વે કરવાની અસર/કારણ :-**

કોરોના જેવી મહામારીના સમયમાં આપણે જેમ રહીએ છીએ, આગળ વધતા જઈએ છીએ તેની સાથે ઘણા નવા પ્રકારના ફેરફારો સ્વીકારતા હોઈએ છીએ. ત્યારે સર્વેક્ષણ એક ઉત્તમ માર્ગ છે સમુદાય વિશે જાણકારી મેળવવાનો. પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા COVID-19 ની અસર અંગેનો એક સર્વે કરવામાં આવ્યો. આ સર્વેમાં અત્યાર સુધીમાં 503 ઘરો તેમજ લોકોની મુલાકાત સંસ્થા તરફથી લેવાઈ છે. આ સર્વેક્ષણનો અંતિમ અહેવાલ સંસ્થાને COVID-19ના કારણે કોમ્યુનિટી અને પરિવારોને નડતા સંઘર્ષો તેમજ પરિસ્થિતિઓના બદલાવના માર્ગે લઈ જતા વિષયો માટેની આંતરદ્રષ્ટિ અને યોજનાકીય તકો પ્રદાન કરવાનો છે. ચાલો ઉદાહરણ દ્વારા સમજીએ, સર્વેમાં પરિવારોના માનસિક સ્વાસ્થ્યનું મૂલ્યાંકન કર્યું. આ મૂલ્યાંકન આરોગ્ય સંબંધિત પડકારો, જરૂરિયાતો, સફળતા, યોજનાઓ વગેરે સમજવામાં મદદમાં આવશે. આ સર્વે પરથી સંસ્થા સકારાત્મક વિચારો સાથે પડકારો કઈ રીતે દૂર કરવા તે પર આયોજન કરી શકે. હંમેશા સર્વેમાં ભવિષ્યને લગતા પ્રશ્નો  પૂછવામાં આવતા હોય તે રીતે સંસ્થાએ પણ અગત્યના પ્રશ્નો પૂછ્યા જેવા કે ,"આગામી બે-ત્રણ મહિનામાં તમને ઉપયોગી બની શકે તે શું હોઈ શકે?, આગામી બે-ત્રણ મહિનામાં પ્રાથમિક જરૂરિયાતોનું આયોજન કઈ રીતે કરવું?... આવા મૂલ્યાંકનની જાણકારી અને માહિતીઓની સમાજ-સુરક્ષા એજન્સીઓને માટે ખૂબ જ આવશ્યક હોય છે, પરંતુ તે એકત્રિત કરવા તેઓને ખૂબ મુશ્કેલીઓ વેઠવી પડે છે. પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનને આ સર્વે દ્વારા તેઓને મદદ થાય તે પ્રયત્ન કરેલ છે. અને સંસ્થાને આ તક મળી તે ખૂબ ગર્વની વાત છે.

**નેટવર્કિંગ :-**

સંસ્થા નેટવર્કિંગ દ્વારા શારીરિક અંતરના ધોરણે દેશભરના લોકો સાથે  જોડાઈને અનેક રસપ્રદ ભાગીદારી કરી રહી છે. આવા જ એક નેટવર્કમાં હરિયાણાના ગુરુગ્રામમાં આવેલ AMITY કોલેજના વિધાર્થીઓના ઉડાન ક્લબનો સમાવેશ થયો છે. તે ક્લબ શહેરોમાંના ઝુપડપટ્ટી વિસ્તારમાં રહેતા ગરીબ બાળકોને અભ્યાસ આધારિત શિક્ષણ પૂરું પાડવાની કામગીરીમાં જોડાયેલું છે. ઉડાન ક્લબના વોલિયન્ટર્સ દ્વારા આપણી સંસ્થાના બાળકો માટે લર્નિંગ મટીરીયલ તૈયાર કરવામાં આવી રહ્યા છે. આવી રીતની કરવામાં આવતી પહેલ લોકોની જાગૃતતા વધારવામાં સહાય કરે છે.

**નોલેજ-બિલ્ડીંગ :-**

1.) કોરોના જેવી મહામારી રોગચાળા સાથે ક્ષમતા વધારવાની તક પણ લાવી છે. તેમાં પણ ટેક્નોલોજીના સમયમાં તેને લગતી માહિતી સરળતાથી એક ક્લિક પર મળી રહે છે. સંસ્થાએ પણ આ તકને હાથ ધરીને ઘણા અલગ-અલગ વેબિનારમાં ભાગ લીધો અને સાથે પોતાના ઘણા વેબિનાર પણ યોજ્યા. પ્રભાતે વિવિધ વિષયો અને તેમાં પણ ખાસ કરીને બાળ-અધિકાર, વિકલાંગ અધિકાર અંગે સમજવાની તકો પ્રાપ્ત કરી છે. Catalyst for Social Action Mumbai [CSA] નામની એક સંસ્થાના વેબિનારમાં પ્રભાતે ભાગ લીધો, તે વેબિનાર બાળ-સંરક્ષણ અને બાળ-સંભાળને લગતા મુદ્દાઓ પર કરવામાં આવ્યો અને માહિતીની આપ-લે કરવામાં આવી. બાળકોની સાર-સંભાળ ઘણું મહત્વનું પાસું હોય છે જ્યારે સંસ્થા બાળકો સાથે કામ કરી રહી હોય. CSA જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ દ્વારા આયોજિત વેબિનારનો ભાગ બનવાથી ટીમને વધુ સકારાત્મક માર્ગ, સમાજ અને વૈશ્વિક દ્રષ્ટિકોણ મળ્યો છે.

2.) સંસ્થામાંથી કેશવ ચેટરજી દ્વારા ટીચર ટ્રેનિંગના મુદ્દા, લોકડાઉન માટે તૈયાર કરેલ સંસ્થાના મોડેલને સમજવા અને સમુદાયની જરૂરિયાતો (તમે જેની સાથે કામ કરી રહ્યા છો) અંગેની સમજશક્તિ રાખવી જરૂરી હોય છે તેના પર વેબિનાર રાખવામાં આવ્યો. આ વેબિનારમાં શારદા ફાઉન્ડેશને પણ ભાગ લીધેલ હતો. વેબિનારમાં સંસ્થાનું મોડેલ સમજાવ્યું અને માહિતીની આપ-લે કરી. સંસ્થાએ બનાવેલ લોકડાઉન મોડેલમાં ચાર મુખ્યત્વે મુદ્દાઓનો સમાવેશ છે. *લોકડાઉનના શરૂઆતના સમયમાં ટીમ મેમ્બર્સ પોતાના પરિવારજનો સાથે સમય પસાર કરે તેમ કહેવામાં આવ્યું.

*લોકડાઉન લાંબા સમય માટેનું હોવાથી ટીમ મેમ્બર્સને ઘરેથી કરવાની કામગીરી અને પ્રવૃત્તિ સોંપવામાં આવી.

*લોકડાઉનમાં પ્રાથમિક આવશ્યકતા જ્યારે અનાજ-પાણીની હોય ત્યારે સંસ્થાએ શિક્ષણની તકો વધારી હોત તો તે ઉપયોગી બની ન હોત. તેવા સમયમાં સંસ્થાએ લોકલ લીડર્સ અને સહાયકોની મદદથી કોમ્યુનિટીને અનાજની કીટોનું વિતરણ કર્યું અને માનવતાની ફરજ નિભાવી.

*લોકડાઉન દરમ્યાન બાળકોને શિક્ષકોએ ઓનલાઈન ક્લાસ દ્વારા પ્રવૃત્તિ અને ભણતર આપવાનું શરુ કર્યું. અને આ રીતે આપણે જે સમુદાયની સેવા કરી રહ્યા હોય તેની જરૂરીયાતોને અનુરૂપ થવું જરૂરી હોય તે સમજાવવામાં આવ્યું. આ રીતે આ વેબિનાર સફળતાપૂર્વક યોજાયો.

https://www.youtube.com/watch?v=e3ohpE9eqJI&t=3s

https://www.youtube.com/watch?v=Vntb0Qdugts

## પડકારો

દુનિયાભરમાં કોરોના મહામારી વધી રહી છે. ભારતમાં કોરોનાના વધતા કેસોને લીધે લોકડાઉન લાગુ પાડવામાં આવ્યું હતું. લોકડાઉન અને તે પછીના સમયમાં દરેકે-દરેક ક્ષેત્રમાં સમસ્યાઓ સર્જાઈ છે. પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન મેન્ટલી ચેલેન્જ બાળકો સાથે કામ કરતુ હોવાથી હાલના સમયમાં સંસ્થાને ઘણા પડકારોનો સામનો કરવો પડયો છે. સંસ્થામાં બે પાસાથી સમસ્યાઓ સર્જાઈ હતી જેમાં એક છે બાળકો અને બીજી તરફ છે પેરેન્ટ્સ.

**બાળકો-**

લોકડાઉનમાં શાળા અને સેન્ટરો બંધ હોવાથી બાળકોને ઘરે રહેવાનું થયું. જેના કારણે બાળકોમાં "બિહેવીયર પ્રોબ્લેમ" જોવા મળ્યા છે જેવા કે, પોતાના ભાઈ-બહેનને મારવું, હાઈપર એકટીવ થઇ જવું, ઘરમાં ન રહેવું વગેરે. સેન્ટર બંધ હોવાથી બાળકો ત્યાં જઈ શકતા નથી કે જ્યાં તેઓ પોતાની ઉંમરના બીજા બાળકો સાથે સમય પસાર કરતા, શૈક્ષણિક પ્રવૃત્તિ, ઈત્તર પ્રવૃતિઓ કરતા, રમત-ગમત કરતા. સેન્ટરમાં જવાથી બાળકોમાં બીજાને મદદ કરવી, બધાની સાથે બેસીને જાતે ખાવું, પોતાના કામ જાતે કરવા જેવો વિકાસ આવ્યો હતો પરંતુ હાલના સમયમાં તેમાં થોડા બદલાવ જોવા મળી રહ્યા છે.

સેન્ટર પર આવતા બાળકોની "દિનચર્યા" એકસરખી જોવા મળતી, જેમાં હવે સેન્ટર બંધ થવાથી ઘણા ફેરફાર આવ્યા છે. બાળકો માટે તે એક ચેલેન્જનો ભાગ બન્યો છે અને સાથો સાથ બાળકોની "લર્નિંગ લીમીટ"માં પણ ઘટાડો જોવા મળ્યો છે.

બાળકોના શારીરિક અને માનસિક વિકાસ પર પણ અસર જોવા મળી રહી છે. જેમ કે બાળકો સેન્ટર પર આવતા ત્યારે ટીચર, વોલિયન્ટર્સ અને વિઝીટરના લીધે બાળકોમાં "સોશિયલ ઈન્ટરેકશન" જોવા મળતું. જેના કારણે બાળકોનો "સેલ્ફ પ્રોગ્રેસ"માં વધારો થતો હતો.

સંસ્થા બાળકોને દર ૩ મહિને એકવાર બહાર લઇ જતી તે હવેના સમયમાં પોસિબલ રહ્યું નથી. અને પેરેન્ટ્સ પણ આ સમયમાં બહાર લઇ જતા ના હોવાથી બાળકોની "આઉટડોર એક્ટિવિટી"માં ઘટાડો જોવા મળ્યો છે.

સંસ્થા દ્વારા બાળકોને ફિઝિયોથેરાપી મળતી હતી તે સેન્ટર બંધ થવાથી અટકી ગયેલ છે જેના કારણે બાળકોના "ફિઝિકલ ગ્રોથ"માં કોઈ બદલાવ જોવા મળ્યો નથી અથવા ઓછો થવાની સંભાવના ઉભી થઇ છે.

મેન્ટલી ચેલેન્જ બાળકો સાથે કામ કરતી સંસ્થા બાળકો સુધી "સરકારી સહાય અને સ્કીમ" પહોંચાડવાનું કાર્ય કરે છે પરંતુ મહામારીના લીધે સરકાર તરફથી મળતી તે રેગ્યુલર સહાય અને સ્કીમની પ્રક્રિયા ધીમી પડી ગઈ હોવાથી તે સહાય બાળકો સુધી પહોંચાડવાનું મુશ્કેલ બન્યું છે.

**પેરેન્ટ્સ-**

મહામારીના સમયમાં આર્થિક, માનસિક અને સામાજિક અસરો જોવા મળી છે. આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી ઘરોમાં એક કરતા વધારે ફોન ન હોવા તે સામાન્ય હતું તેવામાં તે ફોન પણ પિતા તેમની સાથે રોજગારી કરવા જાય ત્યારે લઇ જતા, કેટલાક પેરેન્ટ્સ પાસે સ્માર્ટ ફોન ન હોવો, અમુક પેરેન્ટ્સને ફોનનો ઉપયોગ કરતા ન આવડવું, વિડીયો-ફોટો લેતા ન આવડવું જેવી સમસ્યાઓને લીધે બાળકોના ઓનલાઇન ભણતર પર અસર જોવા મળી છે.

માતા-પિતા ઘરેથી બાળકોને પ્રવૃતિઓ કરાવતા હોવાથી ઘરમાં લર્નિંગ માટેની વસ્તુઓનો અભાવ જોવા મળ્યો છે. મહામારીની પરિસ્થિતિમાં બહાર જઈને વસ્તુઓ લાવવી પણ મુશ્કેલભર્યું હતું. જેનાથી બાળકોને એકનીએક લર્નિંગ વસ્તુઓથી મૂંઝવણ ઉભી થઇ છે.

સંસ્થા દ્વારા માતા-પિતા તથા કોમ્યુનિટિનીમાં કોરોના મહામારી અંગેની જાગૃતતા લાવવામાં આવી અને તેઓને આ પડકારોનો સામનો કરવા માટેની હિમ્મત આપવામાં આવી છે.

**हैलो मित्रों,**
**मैं आप लोगों से मिलने के लिए फिर से आ गया हूं। आपका गट्टू आपसे कुछ कोरोना से लगती बाते बताएगा, जिसका आप लोगोको ख्याल रखना है।**



भीड़-भाड़वाली जगहों पर जाने से बचें।



सार्वजनिक स्थानों पर तंबाकू, गुटखा न चबाएं और न थूकें।



खांसते और छींकते समय नाक और मुंह ढंकें।हमें जिम्मेदार बनकर और नियमों का पालन करके COVID-19 से बचकर सुरक्षित रहेना है।



साबुन और पानी से बार-बार और अच्छी तरह से हाथ धोएं या अल्कोहल-आधारित हैंड सैनिटाइज़र का उपयोग करें।

**मित्रो ये बारिश के मौसम में चाये और पकोड़े खाते है और बारिश के मजे लेते है। बाय-बाय मित्रो, फिर मिलेंगे.....**

A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows,
Ramdevnagar,
Ahmedabad-380015
**Phone:** +91-79-48903054;
**Mobile:** +919825009427
**Email:** prabhat@prabhatedu.org
**Website:**
www.prabhateducationfoundation.org